RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 157 Date: 29.03.2024 Friday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

## NDPS કેસમાં પાલનપુર કોર્ટનો ચુકાદો

# પૂર્વ IPS સંજીવ ભટ્ટને ૨૦ વર્ષની સજા , રૂ. ૨ લાખ દંડ



બનાસકાંઠા જિલ્લાના તત્કાલીન એસપી અને પૂર્વ આઈપીએસ સંજીવ ભટ્ટ વિરૂદ્ધ વર્ષ ૧૯૯૬માં કાવતરું રચીને રાજસ્થાનના વકીલને પાલનપુરની હોટલમાં ડ્રગ્સ મૂકીને ફસાવવાની ફરિયાદ નોંધાઈ હતી. જેમાં સંજીવ ભટ્ટ સામે પાલનપુરની કોર્ટમાં પાંચ વર્ષથી કેસ ચાલી રહ્યો છે. જેમાં કોર્ટે આ કેસમાં સંજીવ ભટ્ટને દોષિત ઠેરવ્યા હતા. આજે કોર્ટે પૂર્વ આઈપીએસ સંજીવ ભટ્ટે ખોટા દ્રઢૂંજી (નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક) ૨૦ વર્ષની સજા સાથે રુ. બે લાખનો દંડ ફટકાર્યો છે. બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૧૯૯૬માં જિલ્લા પોલીસ વડા તરીકે ફરજ બજાવતા પૂર્વ આઈપીએસ સંજીવ ભટ્ટ સામે રાજસ્થાન પાલીના એડવોકેટ સુમેરસિંહ રાજપુરોહિત દ્વારા રાજસ્થાનમાં ચાલતા જમીન વિવાદમા તેમને ફસાવવા સંજીવ ભટ્ટ દ્વારા પાલનપુરની હોટલમાં વકીલના નામે બુક કરેલા રૂમમાં ડ્રગ્સ મૂકવાનું કાવતરું રચવામાં આવ્યું હોવાનો ગુનો દાખલ કરાયો હતો. જેમાં વર્ષ ૨૦૧૫માં સંજીવ ભટ્ટને ફરજમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા અને વર્ષ ૨૦૧૮ તેમની ધરપકડ કરાઈ હતી. જે કેસ પાલનપુરની કોર્ટમાં ચાલી રહ્યો હતો. આ કેસ બીજી એડિશનલ સેશન્સ કોર્ટમાં ચાલી રહ્યો છે. જો કે, સંજીવ ભટ્ટ કાચા કામના કેદી તરીકે જેલ વાસ ભોગવી રહ્યા છે. આ કેસમાં બુધવારની મુદતમાં કોર્ટે તત્કાલીન આઈપીએસ અધિકારી સંજીવ ભટ્ટને દોષિત ઠેરવ્યા હતા અને કોર્ટે દ્વારા એનડીપીએસ આ ખોટા કેસના ગુનામાં સંજીવ ભટ્ટને સજા અંગનો ચુકાદો આજે સંભળાવ્યો હતો.

પૂર્વ આઈપીએસ સંજીવ ભટ્ટને એનડીપીએસ ગુનામાં પાલનપુરની કોર્ટે દોષિત જાહેર કર્યા બાદ તેમના પત્ની શ્વેતા ભટ્ટે નિવેદન આપ્યું હતુ કે આ કેસમાં તેમના પતિનો કોઈ રોલ નથી, કેસ ખોટી રીતે બનાવાયો છે. કેસમાં મિસકરેજ ઓફ જસ્ટિસ થયું હોવાનું તેમજ વધુ વાત આજે કરવાનું જણાવ્યું હતું.

## ભાગેડું નીરવ મોદીને ફરી ઝટકો, લંડનનો આલીશાન બંગલો પણ વેચાશે

કૌભાંડના આરોપી ભાગેડુ નીરવ મોદીનો સેન્ટ્રલ લંડનના મેરીલેબોનમાં આવેલો આલીશાન બંગલો વેચવાની મંજૂરી આપી છે. સુનાવણી દરમિયાન જસ્ટિસ માસ્ટર જેમ્સ બ્રાઈટવેલે કહ્યું કે આ બંગલો ૫.૨૫ મિલિયન બ્રિટિશ પાઉન્ડ (લગભગ ૫૫ કરોડ રૂપિયા)થી ઓછી કિંમતમાં વેચી શકાય નહી. નીરવ મોદીનો આલીશાન બંગલો જેને લંડન હાઈકોર્ટે વેચવાનો આદેશ આપ્યો છે તે ૨૦૧૭માં એક ટ્રસ્ટને આપવામાં આવ્યો હતો.નીરવ મોદી હાલમાં બ્રિટનની થેમસાઈડ જેલમાં બંધ છે. આ કેસમાં ઈઢ તરફથી હાજર થયેલા બેરિસ્ટર હરીશ સાલ્વે હાજર થયા હતા. જ્યારે નીરવ મોદી હાલમાં બ્રિટનની થેમસાઈડ જેલમાં બંધ હોવાથી ઓનલાઈન જોડાયેલો હતો. સિંગાપોરની એક કંપની ટ્રાઈડેન્ટ ટ્રસ્ટ પણ આ કેસમાં દાવેદાર છે. આ કંપનીએ ૧૦૩ મેરેથોન હાઉસ વેચવાની પણ માંગ કરી હતી.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કલોલની ૫૫૦ સોસાયટીના નાગરિકો સાથે સંવાદ કર્યો



લોકસભાની ચૂંટણી પગલે રાજકિય પક્ષો દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે. તેવામાં ગાંધીનગર લોકસભા વિસ્તારના કલોલ શહેરમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે સોસાયટીઓના પ્રમુખ સેક્રેટરી તેમજ સામાજિક આગેવાનો સાથેના સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.સાંજના સુમારે પ્રથમ કલોલ હાઈવે પર આવેલ અંબિકા સોસાયટી વિભાગ ૨ માં તેમણે પંચવટી સહિત શહેરની વિવિધ ૩૦૦ જેટલી સોસાયટીઓના પ્રમુખ સેક્રેટરી સહિત આગેવાનોને સંબોધન કર્યું હતું. અને ગાંધીનગર લોકસભાના ઉમેદવાર અમિત શાહને મોટી બહુમતીથી વિજય બનાવવા હાકલ કરી હતી. ત્યાર બાદ રેલ્વે પુર્વમાં શ્રેયસ સોસાયટી પાસે આવેલ જેકે પાર્ટી પ્લોટમાં પણ ૨૫૦થી વધુ સોસાયટીના પ્રમુખ સેક્રેટરી સહિત આગેવાનો ને સંબોધન કર્યું હતું. આ પ્રસંગે કલોલના ધારાસભ્ય લક્ષ્મણજી (બકાજી) ઠાકોર, કલોલ ના ચુંટણી ઈન્ચાર્જ ગોવિંદભાઈ પટેલ, પાલીકા પ્રમુખ શૈલેષભાઈ પટેલ, તેમજ ડો ઋત્વિજ પટેલ પુર્વ ધારાસભ્ય અતુલભાઈ પટેલ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.સીએમ ભૂપેન્દ્ર પટેલે સોસાયટીના રહીશોને સોલર પેનલ લગાવવા અને સરકારી સબસિડીનો લાભ લઈ કુદરતી વિજળી ઉત્પન્ન કરવા માટે અપીલ કરી હતી.

## ફાઇનાન્સ પર લીધેલા વાહનો ખરીદી વેચી દેતો આંતરરાજ્ય ઠગ પકડાયો

વડોદરા,તા.૨૮

ફાઈનાન્સ ઉપર લીધેલા વાહનો ખરીદ્યા બાદ હપ્તા ભર્યા વગર વેચી દેતા વડોદરાના ભેજા બાજને પોલીસે ઝડપી પાડ્યો છે.વડોદરા પોલીસની ટીમે તરસાલીની વિન્ટેજ સોસાયટીમાં વોચ રાખી છેતરપિંડીના ગુનાઓમાં વોન્ટેડ અજય કનૈયાલાલ કહાર (ગજાનન ફ્લેટ્સ,વૈકુંઠ એક વાઘોડિયા રોડ) ઉપર વોચ રાખી ઝડપી પાડ્યો હતો.ફાઈનાન્સ પર લીધેલા વાહનો ખરીદી લીધા બાદ આ વાહનો લોન સાથે જ ત્રાહિત વ્યક્તિને વેચી દઈ છેતરપિંડી કરતા અજય કહારને જુદા જુદા પોલીસ સ્ટેશનની ટીમો શોધી રહી હતી.

# મતદાન અને મતગણતરીના દિવસે ગિફ્ટ સિટીમાં પણ દારૂનું વેચાણ નહીં

ગુજરાતમાં દારૂ પીવા પર સંપૂર્ણ પ્રતિબંધ પછી ગિફ્ટ સિટીમાં પીવાની છૂટ આપ્યા પછી ચૂંટણી સમયે ચૂંટણી પંચે મતદાનના દિવસે અને મતગણતરીના દિવસે સંપૂર્ણ દારૂબંધી મુકવાની જાહેરાત કરી છે. ચૂંટણી પંચના ગુજરાતના મુખ્ય ચૂંટણી અધિકારી પી.ભારતીએ કહ્યું હતુ કે, ૭ મેના રોજ મતદાન પુરુ થવાના સમય પહેલાના ૪૮ કલાક અને મતગણતરીના દિવસને ‘ડ્રાય ડે’ જાહેર કરવામાં આવ્યો છે એટલે કે પરમિટ ધરાવતી શોપ પણ દારૂ વેચી શકશે નહીં, એટલું જ નહીં, ગિફ્ટ સિટીમાં પણ દારૂ વેચી કે પી



શકાશે નહી તેવી સ્પષ્ટતા ચૂંટણી પંચે કરી હતી.

આ બાબતે વિસ્તૃત વિગત આપતા અધિક મુખ્ય ચૂંટણી અધિકારી કુલદીપ આર્યએ કહ્યું હતું કે, જેમની પાસે પરમિટ છે તેમને પણ પીવા અને વેચવા પર પ્રતિબંધ છે. તેમણે કહ્યું હતું કે, કેન્દ્રિય મંત્રી પુરુષોત્તમ રૂપાલાના ક્ષત્રિય સમાજ પરના વિવાદના નિવેદનને મામલે ફરિયાદ થતા રાજકોટના જિલ્લા ચૂંટણી અધિકારીને તપાસ સોંપાઈ છે. અત્યાર સુધીમાં સરકારી મિલકતો પરથી ૧.૬૦ લાખ તથા ખાનગી મિલકતો પરથી ૫૮,૬૯૭ રાજકીય પ્રચાર અર્થેના પોસ્ટર-બેનરો તથા પ્રચાર-પ્રસાર સંબંધી જાહેરાતો દૂર કરાઇ છે. આચારસંહિતા ભંગની ૪ હજારથી વધુ ફરિયાદ તેમજ રોકડ,દારૂ,સોનું-ચાંદી અને ચરસ સહિતની રૂ.૪૨.૬૧ કરોડની વસ્તુઓની અટકાયત કરાઇ છે.

આઇપીએસની બદલીઓ ખોરંભે પડી છે. રાજ્ય સરકાર બદલી ન કરી શકી અને હવે ચૂંટણી પંચ બદલી કરી શક્યું નથી. આવા સંજોગોમાં ચૂંટણી પંચે આઇપીએસની બદલી ટૂંક સમયમાં થશે તેવો જવાબ આપીને સમગ્ર બાબત પર પડદો પાડવાનો પ્રયાસ કર્યો હતો.

## “ઈથિકલ હેકિંગ અને સાયબર સિક્યોરિટી” અંગે નો એક દિવસીય વર્કશોપ યોજાયો

શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી ના ઝઈ/ “વિભાગ દ્વારા ઈથિકલ હેકિંગ અને સાયબર સિક્યોરિટી” અંગે નો એક દિવસીય વર્કશોપ યોજાયો હતો. આ વર્કશોપનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓ સાયબર ધમકીઓ અને નબળાઈઓને સમજવા , ઓળખવા અને તેને ઘટાડવા માટે વ્યવહારુ જ્ઞાન અને કૌશલ્ય પ્રદાન કરવાનો છે. વર્કશોપ વિવિધ વિષયો જેવાકે સાયબર સિક્યોરિટીનો પરિચય, નેટવર્ક સુરક્ષા, અનામી, ઈ-મેલ સુરક્ષાની મૂળભૂત બાબતો, પાસવર્ડ મેનેજમેન્ટ, માલવેર થ્રેટ્સ, સાયબર લો અને કન્સલ્ટિંગ વગેરે ની ચર્ચા ડેમીસ્ટો ટેક્નોલોજીસ ના શ્રી પાર્થો પંડ્યા દ્વારા કરવામાં આવી હતી આ વર્કશોપમાંથી, વિદ્યાર્થીઓને સાયબર સુરક્ષાના સિદ્ધાંતો, એથિકલ હેકિંગ તકનીકોમાં વ્યવહારુ કૌશલ્ય અને આજના ડિજિટલ વિશ્વમાં સાયબર સુરક્ષાના મહત્વ વિશે જાગૃતિની સારી સમજ આપી હતી.વર્કશોપ ના સફળ સંચાલન અને સફળતા પુવર્ક પૂર્ણ કરવા માટે સંસ્થા ના ટ્રસ્ટી શ્રી ભરતસિહ વાઘેલા , ડારેક્ટર ડો. ઉમેશ કેશકર અને પ્રિન્સિપાલ ડો. કિંજલ અધવર્યૂ એ સીઈ/આઈટી ડિપાર્ટમેંટ ના સમગ્ર સ્ટાફ મિત્રો ને અભિનંદન પાઠવ્યા હતા.

# ચૂંટણી લડવા માટે પૈસાની નહીં પરંતુ જનતાના સમર્થનની જરૂર હોય છેઃ સીતારમણ

નવી દિલ્હી, તા. ૨૮

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે એક ટીવી પ્રોગ્રામમાં લોકસભા ચૂંટણી ન લડવાનું એલાન કરી દીધી છે. ચૂંટણી ન લડવા પાછળનું કારણ જણાવતા તેમણે કહ્યું હતું કે, તેમની પાસે ચૂંટણી લડવા માટે પૈસા નથી. હવે તેના પર તમિલનાડુની સત્તારુઢ પાર્ટી ઢસ્દ્રનું નિવેદન આવ્યું છે. ઢસ્દ્રએ કટાક્ષ કરતા કહ્યું કે, ચૂંટણી લડવા માટે પૈસાની નહી પરંતુ જનતાના સમર્થનની જરૂર હોય છે. ઢસ્દ્રના પ્રવક્તા એસ. અન્નાદુરઈએ કહ્યું કે, એવું લાગે છે કે, નાણામંત્રી કારણ વગરનું બહાનું બનાવીને ચૂંટણી લડવાથી ભાગી રહ્યા છે. ચૂંટણી લડવા માટે તમારે પૈસાની નહીં પરંતુ જનતાના સમર્થનની જરૂર હોય છે જે તેમની પાસે નથી. નાણામંત્રી નિર્મલા સીતારમણ તમિલનાડુના રહેવાસી છે. ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડાએ તેમને આંધ્રપ્રદેશ અથવા તમિલનાડુમાંથી ચૂંટણી લડવાનો વિકલ્પ આપ્યો હતો. એવી ચર્ચા હતી કે, રાજ્યની કોઈ સીટ પરથી ભાજપ તેમને ઉમેદવાર બનાવી શકે છે. હવે આ અટકળોનો નિર્મલા સીતારમણે ખુદ અંત લાવતા કહ્યું કે, તે લોકસભા ચૂંટણી નહી લડશે કારણ કે, તેમની પાસે પૈસા નથી. ઢસ્દ્ર નેતાએ કહ્યું કે, નાણામંત્રીને ખબર છે કે, લોકો તેમનાથી નારાજ છે.

## વડોદરા શહેર અને જિલ્લાના ૧૦ બૂથનું સંપૂર્ણ સંચાલન દિવ્યાંગો કરશે

વડોદરા,તા.૨૮

વડોદરા લોકસભા બેઠકની સામાન્ય ચુંટણી અને વાઘોડિયા વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીમાં શહેર તથા જિલ્લાના કુલ ૨૪,૮૯૭ દિવ્યાંગો મતદાન કરે તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર સજ્જ બન્યું છે.ચૂંટણી પંચ દ્વારા તમામ દિવ્યાંગજનો મતદાન કરે તેવી તમામ સુવિધાઓ ઉપર ભાર મૂક્યો છે. બીજી તરફ વડોદરા શહેર જિલ્લામાં કુલ ૨૪,૮૯૭ થી વધુ દિવ્યાંગ મતદારો નોંધાયા છ. જેમાં ૧૪,૧૧૮ પુરુષ, ૧૦,૭૭૮ મહિલા અને ૧ ટ્રાન્સજેન્ડર મતદારો નોંધાયા છે. વડોદરામાં આટલી મોટી સંખ્યામાં દિવ્યાંગ મતદારો મતદાન કરે અને તેનું મહત્વ સમજે તે ખુબજ જરૂરી છે.









રાજકોટમાં લોકસભાના ચૂંટણી પ્રચાર અર્થે સ્વામીનારાયણ નો ઉપયોગ કરવામાં આવ્યો છે અને આખું મંદિર ભારતીય જનતા પાર્ટીના બેનરો અને ઉમેદવારોના બેનરોથી સુશોભિત કરવામાં આવ્યું તેમજ મંદિરના હોલ ની અંદર પણ ચૂંટણી પ્રચારની મીટીંગો યોજાઈ રહી છે જેનો કોંગ્રેસ પક્ષના લોકો દ્વારા વિરોધ કરવામાં આવ્યો છે તેમજ ચૂંટણી અધિકારીને તે બાબતે ફરિયાદ પણ કરવામાં આવી છે.

તંત્રી લેખ......

# વધતી નૌસૈનિક સક્રિયતા

ભારતીય નૌકાદળે હિંદ મહાસાગરમાં ૩૫ યુદ્ધ જહાજો અને ૧૧ સબમરીનો તૈનાત કરી દીધી છે. તે ઉપરાંત પાંચ યુદ્ધવિમાન પણ પેટ્રોલિંગ કરી રહ્યા છે. આ નૌકાદળની અત્યાર સુધીની સૌથી મોટી તૈનાતી છે. કેટલાક સમયથી લાલ સાગરમાં યમનના હૂથી વિદ્રોહીઓની કાર્યવાહી તથા સમુદ્રી લૂંટારાની ગતિવિધિઓ વધવાથી ભારતના પશ્ચિમમાં ફેલાયેલ વિશાળ સમુદ્રી ક્ષેત્રમાં વ્યાપારી જહાજોના આવાગમનમાં મુશ્કેલીઓ વધી ગઈ છે. તે ઉપરાંત હિંદ મહાસાગરમાં ચીન પણ પોતાની હાજરી વધારવાની કોશિશો કરી રહ્યું છે. આ પડકારોને જોતાં ભારતે મોટી સંખ્યામાં યુદ્ધ જહાજો અને સબમરીનોને ઉતારવાનો નિર્ણય લીધો છે. તેમાંથી ૧૦ યુદ્ધ જહાજ ઉત્તર અરબસાગર, લાલ સાગર, એડનની ખાડી અને સોમાલિયાના પૂર્વી તટીય વિસ્તારમાં ઉતારવામાં આવ્યા છે. આ જહાજોને સમુદ્રી લૂંટારાઓનો સામનો કરવા તથા મિસાઈલો અને ડ્રોનનો શિકાર બનેલા વેપારી જહાજોની મદદ માટે તૈનાત કરવામાં આવ્યા છે. બાકીના યુદ્ધ જહાજો બંગાળની ખાડી અને દક્ષિણી હિંદ મહાસાગરમાં સક્રિય છે. હાલમાં ભારતીય નૌકાદળના બંને બેડા પૂર્વ અને પશ્ચિમ, સંપૂર્ણ રીતે તૈનાત અને સક્રિય છે.
પશ્ચિમી સમુદ્રી હિસ્સામાં નૌકાદળના અભિયાનના સો દિવસ પૂરા થવાના અવસરે નૌકાદળના પ્રમુખ એડમિરલ આર. હરિકુમારે કહ્યું કે જ્યાં સુધી આ સમુદ્રી ક્ષેત્રમાં વ્યાવસાયિક જહાજોના આવાગમન સુરક્ષિત ન થઈ જાય, આ અભિયાન ચાલુ રહેશે. લાલ સાગર સંકટને કારણે જહાજોનું પરિવહન અને વીમા ખર્ચ બહુ વધી ગયો છે. એવામાં આપણી નૌસેનાની સક્રિયતા વૈશ્વિક અર્થવ્યવસ્થા માટે પણ એક સહારો બની રહી છે. સમુદ્રી લૂંટારાઓના આતંકને સમાપ્ત કરવા માટે ભારતે ૨૦૨૨માં એક નવો કાયદો બનાવ્યો હતો. હાલમાં જ નૌકાદળે એક મોટા અભિયાન બાદ એક અપહૃત જહાજને છોડાવ્યું છે અને ૪૦ સોમાલિયન ચાંચિયાને પકડ્યા છે.

# મનના તરંગ

અરે, પણ એવું તો શું આભ તૂટી પડ્યું કે તું હવે મારી સાથે નહી બોલે ! માનવના દિમાગમાં 'ગુસ્સો' ખૂબ ખતરનાક છે. જ્યારે માનવી તેનો શિકાર બને છે ત્યારે કિનારા તોડેલી નદીની જેમ બેફામ વર્તે છે. '

હા, મારી વાત ન ગમી પણ તેનો આટલો બધો, ગુસ્સો —— !

વર્ષોના સંબંધ પર પાણી ફેરવી નાખ્યું.

'બધી વાત ગમે એવું કોઈ ગણિત ખરું'?

અરે, ભલા ભાઈ ન ગમતી વાત હતી તો જબાન બંધ રાખવાની, માત્ર કહી દેવાનું, 'મને આ વાત પસંદ નથી'!

સામેવાળી વ્યક્તિની ઈજ્જત ધુળધાણી કરી એલફેલ બોલવું એ શું શોભાસ્પદ છે'?

ક્યાં ગઈ તમારી પંડિતાઈ?

ક્યાં ગયો શિષ્ટાચાર?

ઉમરનો કોઈ મલાજો ખરો કે નહી'?

ખેર, ચાલો રાત ગઈ બાત ગઈ.

હું, તો એ વાત ને ક્યારની ભૂલી જીંદગીમાં આગળ કદમ ભરી રહી છું. આશા છે તમે પણ એ વાત ને વિસારે પાડી હશે. હવે જીવનમાં આવતા ઝંઝાવાતો બહુ અસર કરતા નથી. નાના મોટા અવરોધો તો આવ્યા કરે. કુદરતે નાની ઉમરમાં બહુ મોટી થપાટ મારી છે. ખાડા, ટેકરા, જંગલ કે ઝાડી, વરસાદ કે બરફ કુદરતી તત્વો સમય સમય પર પોતાનો પરચો બતાવી જાય.

કરેલાં ઉપકાર હમેશા મગજમાં અડો જમાવીને બેઠા હોય છે. ઉપકારનો ભાર વેંઢારવો આસાન નથી. મનને હમેશા કેળવવું રહ્યું ! ગઈ ગુજરી ભૂલી જઈ હૃદય નિષ્પાપ બનાવવું મનનો મહેરામણ ઉછળશે ! શાંતિ પ્રસરશે. જીવનમાં આંધિ આવે કે તૂફાન હ્રદય વિચલિત નહિ થાય.

માનવી તારી શું તાકાત ? તારું અસ્તિત્વ કેટલું ? તારું કદ કેવડું ? તું ભલેને દાવો કરે પણ તે પોકળ સાબિત થાય. પાંચ , પચાસ માણસ જય જયકાર કરે એટલે તને ગર્વ થાય. સાગરના તરંગ પર લખેલું નામ કેટલો વખત વંચાશે ? બસ એટલો સમય પણ જો તારા અસ્તિત્વનો અહેસાસ થાય તો ઘણું ! રેતીમાં પગલું કેટલો સમય જણાશે. કુદરતનું આપેલું આ જીવન સાર્થક કરી દરેક મુસાફર ચાલવા માંડે છે.

અરે ગાંધીજી જેવા ગાંધીજીના પણ અનેક દુશ્મન હતાં ! એટલે તો ગોળીથી વિંધાયા. જર્મનીમાં 'હિટલર'ની પૂજા કરનારા હજુ હયાત છે. માનવીનું અકળ મન અદભૂત છે તેમાં શંકાને સ્થાન નથી. જે તને આજે તાજ પહેરાવશે તે વ્યક્તિઓ તને હડધૂત કરતાં પળનો પણ વિલંબ નહી કરે !

શામાટે મનના તરંગ કાબૂમાં નથી રહેતાં? ગમો ઘડી ભરમાં અણગમો બની જાય છે. નવું મળતા જૂના વિસરાઈ જાય છે. યાદ રહે, જૂનું તે સોનું, નવું તે હીરા ! જો જો ભૂલમાં ન રહેતાં, 'હીરાને જડવા સોનાની જરૂર પડે છે' ! તેવી જ રીતે બાંધેલા સંબંધો કદી કુટુંબની વ્યક્તિની તોલે ન આવી શકે. ખરું પૂછીએ તો દરેક વ્યક્તિ પોતાનું આગવું સ્થાન ધરાવે છે ! કોઈ એકબીજાની જગ્યા છિનવી શકતા નથી. છિનવવી તો બાજુએ રહી બદલી પણ શકતા નથી ! કેવા ભયંકર પરિણામ આવે ! કેવો ખતરો પેદા થાય ! '' મા, માની જગ્યાએ યોગ્ય અને શ્રેષ્ઠ છે. પત્ની, તેની જગ્યાએ શોભાયમાન છે'' ! તમે સમજી ગયા હશો !
આ ચંચળ મન પર અભ્યાસ દ્વારા સંયમ પ્રાપ્ત થાય. મનને મર્કટ એટલે તો કહેવાય છે. નિર્મળ મન, ઝિલ જેવું શાંત મન. પછી જુઓ મનનો ચમત્કાર. મન , અમન બનશે. તેને કોઈ ખટરાગ પસંદ નહી આવે ! સંસ્કારના બીજ વૃક્ષ બનીને ફાલશે. કોઈ પણ વ્યક્તિ યા સંજોગ પ્રત્યે તેનામાં પક્ષપાત નહી જણાય. પ્રશંશા કે નિંદા તેને ઉદ્વેગમય નહી બનાવે ! મન , વિચાર અને કર્મનો ત્રિવેણી સંગમ મધુરું દૃશ્ય ખડું કરશે !

ચંચળ મનને નિત્ય નવિન ગમે. જેમ નાનું બાળક એકના એક રમકડાંથી કંટાળી જાય તેમ મનુષ્ય સ્વભાવ એકેની એક વ્યક્તિથી ધરાઈ જાય. તેને વૈવિધ્યતાની આદત પડી ગઈ છે. વાત વિસારે પડી જાય છે કે 'નવું નવ દિવસ'. આ સત્ય મિત્રતાને, નજીકના સંબંધ ધરાવતી વ્યક્તિઓને સંપૂર્ણ પણે લાગુ પડે છે. ખરું જોતા એ બેમાંથી કોઈની પણ અવગણના કરવી હિતાવહ નથી. એ તો ખજાનો છે. જેનું ખૂબ સાવચેત પૂર્વક અવલોકન કરી સાચવવાનો છે.

મન તને સંયમમાં રાખવાના બધા પ્રયાસ શામાટે નિષ્ફળ જાય છે? તને જરા પણ લાજ નથી આવતી ! ઘરમાં બહાર બધે લીંપી મૂકે છે. તું મારુ હિત નહી ભૂરું ચાહે છે. તને હવે વાંદરો કહેવું એના કરતા બીજું નામ આપવું પડશે. વાંદરો કૂદકા ભુસકા મારે છે. કેળું આપો એટલે ખુશ.

તું જીવન ખેદાન મેદાન કરે છે. થાક લાગ્યો છે . હે, પ્રભુ મૌન ધારવાની કળા પર તો અંકુશ મૂક. મન તારાથી તોબા ! મને લાગે છે, તને વાંદરાનું ઉપનામ આપવામાં વાંદરાનું અપમાન છે.

આ જીવન ખૂબ સુંદર છે. સુંદરતાનો અનુભવ ચારેકોર પ્રસરાવવો રહ્યો. જીવન પથ પરના મુસાફર ક્યારે નિયત સ્થળે પહોંચશે કોને ખબર છે ? ડગ આગળ ભરતા જવા, પાછળ નિશાની ન છોડતા ડરકે પગલું ભુંસવું રહ્યું. મનમાં ઉમંગ ભરી મંઝિલ પર પ્રયાણ જારી રાખવું.

''મન મંદિર છે''.
મનથી 'નમ'.

પ્રવિણા,કડકીયા,અમેરિકા

# બીએફ બનવા માટેની ટર્મ્સ એન્ડ કંડીશન્સ !

'પોથી પઢ કર જગ મુઆ પંડિત હુઆ ન કોઈ,ઢાઈ અક્ષર પ્રેમ કા પઢે સો પંડિત હોય' એમ કબીર સાહેબ કહી ગયા છે. કબીર સાહેબે આ પંક્તિ પ્રેમમાં પેચઅપ થયા પછી લખેલી કે શૈયાજી મેરા બ્રેક અપ હો ગયા પછી લખી હતી તેની કોઈ આડી કે અવળી માહિતી એસીપી દયાને પણ જહેમત ઉઠાવવા થતાં મળી નથી. જો કે, ધૃણા, જન્મ, મૃત્યુ, વ્યાધિ વગેરે પણ સની દેઓલના ઢાઈ કિલો કા હાથ જેવા ઢાઈ અક્ષરી શબ્દ છે. તેમ થતાં કબીર સાહેબ જેવા અનાસક્ત યોગીએ પ્રેમ શબ્દ પર હાથણીની જેમ પસંદગીનો કળશ ઢોળ્યો હશે તો પણ સંશોધનની મેટર છે.

પ્રેમ અને જમાના વચ્ચે લવ અને હેટ રિલેશન રહેલ છે. પ્રેમનું સમર્થન કરનાઈ કરતા વિરોધીની સંખ્યા મોટી તાદાદમાં છે. વિરોધ કરનારને પણ પ્રેમરસનો પ્યાલો કો પયમાનો ઢીચવો હોય છે.અપિતું, ખાટલે મોટી ખોડ એ છે કે સોળ વરસની સુંદરી તો શું સત્યાંશી વર્ષની યૌવના પણ પ્રેમ વિરોધીને સૂકું કે લીલું ઘાસ નિરતી નથી. જો કે એનો અર્થ એ નથી કે મનની વાતની જેમ મનકા પ્રેમ ન કરી શકાય . નહિતર મનમાં પરણે અને મનમાં રાંડે એવી કહેવત અસ્તિત્વમાં આવી જ ન હોત!

શહેરોમાં પણ પ્રેમને આતંકવાદ સમકક્ષ પ્રવૃત્તિ માનવામાં આવે છે. પ્રેમ કરીને પસ્તાવા માટે પરણતા યુગલોને વિરોધ તાલિબાનના આતંકવાદી જેવો વિરોધ કરવામાં આવે છે! ગામડામાં તો પ્રેમ કરવો એટલે મહાપાતક આચર્યું કે બ્રહ્મહત્યા જેવું ઘોર પાપ માનવામાં આવે છે. એટલે જ પ્રેમીયુગલ સાથે પાકિસ્તાની જેવો વ્યવહાર કરવામાં આવે છે!પ્રેમ એ પારા જેવો છે. પાપાકી પરી પ્રેમ કરે એ પાપાને પચતું નથી. એટલે ઓનર કિલિંગ નામનું રૂપાળું નામાભિધાન કરી દીકરીઓની હત્યા સુધ્ધાં કરવામાં આવે છે.

પ્રેમ કરવા માટે ટનબંધ પાપડ વણવા પડે છે. પ્રેમીના મિલન માટે સલામત જગ્યા શોધવા કોલંબસની જેમ સાહસ કરવું પડે છે.તાંબાની તાવડી તેર વાના માંગે એમ પ્રેમિકાની માંગણીનું લિસ્ટ પ્રલંબ હોય છે. કેન્ડલ લાઈટ ડિનર, ડ્રેસ, ગિફ્ટ પીવીઆરમાં સિનેમા જોવા જવું , મોબાઈલ રિચાર્જ કરાવવો , મોબાઈલમા બેલેન્સ કરાવવું , ટેડીબેર, કાર્ડ, ચોકલેટ, કેક વગેરે.હરિ અનંત હરિ કથા અનંતની જેમ પ્રેમિકા અનંત પ્રેમિકાની ડીમાંડ અનંતા હોય છે!પેટ કરાવે વેઠ એવી કહેવત છે. અપિતું, પ્રેમિકા વેઠ કરાવે એવું કોઈ લેખક કે શાયરે કહ્યું નથી.

પ્રેમમાં પડેલ વ્યક્તિ પણ પ્રેમિકાના ગાલના કાળા તલ પર સમરકંદ-બુખારા ન્યોછાવર કરવાની વાત કરે છે. પરંતું, આ શહેરની માલિકીના કાગળે પ્રેમીના નામ પર છે કે કેમ તેની કોઈ પૃચ્છા કરતું નથી.જો કે પ્રેમિકા પર સમરકંદ કે બુખારા ન્યોછાવર કરવાની વાત કરનાર રહેવા મકાન મેળવી સરકારી સ્કિમનું ફોર્મ ભરે છે એ વાત અલગ છે!

કેટલાક ચાંદ તારાને બોરડી સમજે છે. આપણે બોરડી પરથી બોર તોડીએ તેમ ચાંદતારા તોડવાની વાત કરે છે. કાયદાના હાથ લાંબા હોય છે પરંતુ. પ્રેમીના હાથ લંબાવી ચાંદતારા કેવી રીતે તોડી શકે એ પણ પ્રશ્ન છે!જો કે એક ગીતમાં 'તેરે વાસ્તે ફલક સે ચાંદ લાયા હું સોલાસતરા સિતારે તોડ લાયા હું 'એવા હળાહળ નરદમ જૂઠાણા ચલાવે છે એ વાત અલગ છે. અલબત,લગ્ન કર્યા પછી પ્રેમી ક્રમ પતિ લીલા વટાણા ફોલવા કે મેથીની ભાજી ચૂંટવામાં અખાડા કરે છે!પત્નીનું નામ રેશનકાર્ડમા નામ ઉમેરાવતા ફીણ આવી જાય છે!

પ્રેમમાં સફળ થયેલ વ્યક્ત પ્રેમિકા ક્રમ પત્નીની ચરણચંપી કરે છે, જેની ઈતિહાસ નોંધ લેતું નથી...ક્રૂર અને જાલિમ ઈતિહાસે નિષ્ફળ પ્રેમીઓને સ્થાન આપેલ છે! લૈલામજનુ, શીરીનફરિહાદ, સોહિનીમહિવાલ કે રોમિયોજુલિયેટ ઘોર નિષ્ફળ પ્રેમી હતા.

પ્રેમિકાને પ્રસન્ન કરવા માટે ઉરાંગઉટાંગ કે ચિમ્પાન્ઝીની જેમ એક ડાળીએથી બીજી ડાળીએ ઉથલકૂદ કરવા કે બાઈક પર લોંગ ડ્રાઈવ કરવા પાછળ પેટ્રોલ અને પૈસા બાળવાનાં સ્ટુડો બહાદુરી નથી.છોકરી પટાવવા પૈસા પાણી એ પણ મિનરલ કે બોટલ્ડ વોટરની જેમ વહાવવા પડે છે. બોપટી, લિપસ્ટિક, પરફ્યુમ, ડ્રેસીસ ઓફ કોર્સ લિંગરી પણ પ્રેમિકાને અપાવવા પડે છે. પ્રેમના મામલે મોઢું હસતું અને પાકીટ ખુલ્લું રાખવું પડે છે ત્યારે રહીમન પ્રેમ કા ધાગા સુંદરી નામની સોયમાં પરોવાઈ શકે છે. પ્રમનો માર્ગ છે ખર્ચાનો નહીં કંજૂસનું કામ જેને એમ અમસ્તુ કોઈ કવિ કહી ગયા છે!

પ્રેમમાં પ્રેમિકાના ડમી બનીને પરીક્ષા આપવી પડે તેમ કોઈ પ્રેમીને કહીએ તો બાત હજમ હો પાયેંગી? એટલું જ નહીં પણ પ્રેમીએ લેડીઝવેર પહેરીને અદલોઅદલ મહિલા બનીને પરીક્ષા આપવી પડે તો પ્રેમીની વાટ લાગી જાય કે નહીં? અમારા જેવા તો પતલી ગલીસે હી વટ જાયેંગા?

રાજુ રદી કહે છે કે ગિરધરલાલ તમારામાં દમ નથી. જગતમાં કેટલાક સ્ત્રેણ વિરલાઓ છે કે પ્રેમમાં પડી પ્રેમિકા ખાતર પુરુષાતનનો લોપ કે ત્યાગ કરેલ છે.એટલે નસબંધી કે એવું કાંઈ કર્યું નથી. પરંતું, પ્રેમની ઈમ્તિહાનમાં ફૂલ્લી પાસ થવા પ્રેમિકા વતી મહિલાના વસ્ત્રો ધારણ કરી પરીક્ષા આપવાનું ડબલ મર્દાનગીવાળું કામ કરેલ છે. પ્યાર કિયા તો ડરના કયાં જેવો સ્પિરિટ દેખાડનારાના કારનામા જાણી લઈએ.
બાબા ફરીદ યુનિવર્સીટી ઓફ હેલ્થમાં પ્રેમિકા માટે યુવતી બનીને યુવક એક યુવક પરીક્ષા આપવા પરીક્ષાખંડમાં પહોંચી ગયો. પરીક્ષા આપવા ગયો એટલું જ નહીં, ગેરીરીતી આચરવા આ યુવક મેકઅપ કરી યુવતી પણ બની ગયો. માથે બિંદી, હોઠે લિપસ્ટિક, લાંબા વાળ અને છોકરીના ડ્રેસમાં સજ્જ યુવકને તપાસ અધિકારીઓએ જ્યારે પકડ્યો ત્યારે તેઓ પણ ઘડીક આશ્ચર્યમાં મૂકાઈ ગયા! તેની પાસેથી નકલી ઓળખપત્ર અને વોટર આઈડી મળી આવ્યા. પરીક્ષા આપવા તેણે પ્રેમિકા પરમજીત કૌરના નામનું ખોટું ચૂંટણી કાર્ડ બનાવ્યું હતું.પ્રેમિકા માટે અભૂતપૂર્વ જીગર બતાવનાર નકલી મહિલા ક્રમ અસલી મર્દની ફિંગર મેચ ન થઈને અંગ્રેજસિંહ ઉર્ફે પરમજીતકોર પરીક્ષાની વેદી પર શહીદ થઈ ગઈ/ ગયો!

મોહબ્બત ઓર પ્રેમમે સબ જાયજ હે. આ કહેવતને એક વ્યક્તિએ ચરિતાર્થ કરી દીધી છે. સેનેગલમાં એક બોયફ્રેન્ડ પોતાની ગર્લફ્રેન્ડના કપડા પહેરીને પરીક્ષા આપવા પહોંચી ગયો. ગર્લફ્રેન્ડને ડર હતો કે તે પાસ થઈ નહીં શકે. ગેસ્ટન બર્જર યુનિવર્સિટીમાં એક વિદ્યાર્થી ખાદિમ મ્બોપ બાકાયદા મેકઅપ, હેડસ્કાર્ફ, બ્રા અને ઝુમખા પહેલીને પરીક્ષા આપવા પહોંચી ગયો. સાલું તેનું ઝૂમખું બરેલીની બજારમાં ગિર ભી નહીં ગયા!કલાકોની મહેનત પછી યુવતી બનેલા ખાદિમ મ્બોપ પરીક્ષા આપી રહેલ. આ બહાદુર પ્રેમીએ પ્રેરીક્ષામય સબ જગ જાની એમ માની ત્રણ દિવસ પ્રેમિકા માટે મહિલાવેશ ધારણ કરી પેપર લખ્યા..આખિર મે લેખક કો જીસ બાત કા ડર થા નહી હુઆ અને ચોથે દિવસે ખાદમ નામની ખદીજાબેગમ મહિલા કે રંગે કપડે પકડા ગઈ?
આમ, તો ઈતિહાસ તપાસો તો આવું ગિમકસ નીકળે . જગતમાં કોકને મજબુરીમાં મહિલા બનવું પડે છે. પાંડવોએ બાર વરસનો વનવાસ પૂરો કર્યા પછી એક વરસના ગુપ્તવાસ દરમિયાન અર્જુન જેવો બાણાવળી બૃહન્નલા નામની સ્ત્રી બનેલ. જેના પર વિરાટનગરના રાજાનો સાળો કીચક લટુ બનેલ. સંભવિત: કિચકે બૃહન્નલાનો વેશ ધારણ કરી બૃહન્લા વતી રાંધણકળાની પરીક્ષા આપવાનો ઈન્કાર કરેલો. જેથી બૃહન્નલાએ ગુસ્સે ભરાઈને કિચકની હત્યા કરેલ એમ રાજુ રદી નામનો ઈતિહાસકાર હિસ્ટ્રી વ્યુ રિવ્યુ નામના પુસ્તકમાં નોંધે છે!
લોકો પેટે પાટા બાંધીને સંતાનોનું પાલનપોષણ કરે છે. તેમના સંઘર્ષ, સાહસ,જુસ્સાને બિરદાવે છે. એ સારી વાત છે. પરંતુ, પ્રેમિકા માટે શરીરે નારીના વસ્ત્રો ધારણ કરી પરીક્ષા આપનાર પ્રેમીના યોગદાન બાબતે સમાજ મોઢામાં મગ કે અડદ કેમ ભરી ખામોશ રહે છે!પ્રેમિકા માટે નારી વેશ ધારણ કર્યા
આભાર - નિહારીકા રવિયા છે જાણી જાણી એ મહાન બલિદાન છે!

મીરાના મેવાડ છોડવા વિશે જાતજાતની કિંવદંતી છે. પરંતુ, રાજુ નામનો મરજીવો અફવાનાં સાગરમાં ડૂબકી મારી તથ્ય નામનું મોતી શોધી લાવ્યો છે. મેવાડના રાણાએ મીરા વતી મીરાનો વેશ પહેરી ભજનના ડિપ્લોમા કોર્સની પરીક્ષા આપવા ઈન્કાર કર્યો એટલે મીરાએ મેવાડ છોડેલો . જ્યારે કૃષ્ણ ભગવાને મીરાનો વેશ ધારણ કરી મીરા વતી ભજનના ડિપ્લોમા કોર્સની પરીક્ષા આપેલી એટલે મીરાએ રિસ્પોન્સમાં મીરાએ મેરે તો ગિરધર ગોપાલ ગાઈ નાંખેલ!
હવે કોઈ છોકરો છોકરી પટાવવા પ્રયાસ કરશે ત્યારે શુડ બી ગર્લફ્રેન્ડ એક જ કંડીશન છોકરા સમક્ષ મુકશે. હું તારી જીએફ થઉં તો તારે મારા ડ્રેસ પહેરી, વાળની વિગ લગાડી, પફ પાવડર લિપસ્ટિક લગાડી, હાઈ હિલના સેન્ડલ પહેરી પરીક્ષા આપવાની રહેશે. ગર્લ ફ્રેન્ડની શરત કબૂલ મંજૂર કબૂલ મંજૂર કબૂલ મંજૂર એમ કહેવું પડશે નહિંતર લવ પહેલાં તલ્લાક તલ્લાક તલ્લાક થઈ જશે!
ભરત વૈષ્ણવ

# વિશ્વ રંગભૂમિ દિવસની સર્વે કલાકારો ને સ્કાઉટ ગાઈડ ચીફ કમિશનર અતુલભાઇ દીક્ષિતે શુભકામનાઓ પાઠવી

વિશ્વ રંગભૂમિ દિવસ એટલે ભગવાન આરાધ્ય નટરાજની આરાધના આ મહાપર્વ પર ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી પ્રિયધ્વની કલા ફાઉન્ડેશન પ્રસ્તુત અને ભાવેશ નાયક નિર્મિત કાર્યક્રમ શ્રી અસાઈત રંગ આરાધના નાટક સમજાય તો સારું જનજાગૃતિ ફેલાવતું સરસ મજાનું કાર્યક્રમ અને શરૂઆત આપણે થોડાક ઈતિહાસ સાથે શરૂ કરીશું જે ૧૬૨૦ સદીમાં થઈ ગયેલા ભગવાન અસાઈત ઠાકર જેમના વિશે સૌ કોઈ જાણે છે ઈતિહાસ સાક્ષી છે આ એક ઠાકર બ્રાહ્મણ જેમણે ★૩૬૫★ ભવાઈના વેશ ની રચના કરી આપણી ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરવા માટે સમાજમાં સંદેશો ફેલાવવા માટે સમાજના દૂષણોને દૂર કરી ભવાઈ દ્વારા સમાજનું દર્પણ બની ઈતિહાસને ઉજાગર કરવાનું એક ભગીરથ કાર્ય કર્યુ છે અને આજે પણ આપણા ગુજરાતની લોક સંસ્કૃતિ ભવાઈથી ઓળખાય છે ૧૬ મી સદીમાં થઈ ગયેલા અસાઈત ઠાકર ની ઉત્પતિ વિશે જાણીએ જ્યારે મોગલ સામ્રાજ્ય ધમધમતું હતું ત્યારે ગુજરાત રાજ્યમાં મોગલોના આક્રમણો ખૂબ થતા હતા મોગલોનું સામ્રાજ્ય ચાલતું હતું એ દરમિયાન ઠાકર બ્રાહ્મણના જીવનમાં એક ઘટના ઘટી અને આ ઘટના ઈશ્વરીય આધીન હતી એ માનવું જ પડે કારણ કે આ ઘટના

ના ના નિમિત માત્ર હતા અસાઈત ઠાકર જેમણે હેમાળા પટેલની દીકરી ગંગાની આબરૂ બચાવવા માટે બાદશાહના ફરમાન થી તે દીકરીના હાથનુ બનાવેલ ભોજન કર્યુ. અને એમણે એની આબરૂ બચાવી ત્યારે સમગ્ર બ્રાહ્મણ સમાજ દ્વારા અસાઈત ઠાકરને સમાજની બહાર એટલે કે નાતબાર મુકવામાં આવ્યા ત્યારબાદ તેમના જીવનમાં ખૂબ કરુણ ઘટના આવી જે સમાજ માટે જે માણસ જીવ્યો હોય જેને યજ્ઞ ઓમ હવન કર્મકાંડ ઈશ્વરની આરાધના થકી લોક સંસ્કૃતિને ઉજાગર કરી હોય એવા અસાઈ ઠાકરના જીવનમાં એકાએક સંઘર્ષ શરૂ થયો જ્યારે મૃત્યુ સિવાય એમની પાસે કોઈ આરો નહોતો સમાજથી તરછોડાયેલો એક વ્યક્તિ જ્યારે આદ્યશક્તિના શરણે જાય અને માં ઉમિયા માં બહુચર અને માં મહાકાળીના આશીર્વાદ થકી ઠાકરે જે સમાજે તેમને તરછોડ્યા છે એ જ સમાજને સાચું માર્ગદર્શન પૂરું પાડવા માટે ભવાઈની રચના કરવાની પ્રેરણા આપી અને ત્યારબાદ શ્રી અસાઈત ઠાકરે ૩૬૫ ભવાઈના વેશની રચના કરી જે ઈતિહાસ ખૂબ પ્રચલિત છે. ભવાઈના માધ્યમ દ્વારા સમાજમાં રહેલા કુરિવાજો અંધશ્રદ્ધા જેવા દૂષણો વચ્ચે અટવાયેલા માણસોને સાચું માર્ગદર્શન પૂરું પાડે છે. સમય જતાં સિધ્ધપૂરના અસાઈત ઠાકરના ત્રણ દીકરાઓ ના ઘર વ્યવસાય માટે અલગ અલગ થવાથી ત્રિઘરા કહેવાયા એ જમાનામાં પેટા જ્ઞાતિ ત્રિઘરા હોવાથી ધીમે ધીમે સમય જતા ભાષાના અપભ્રંશ થવાથી તરગાળા કહેવાયા જેમાંથી એક ભાઈએ સમાજમાં નાયક તરીકે ભવાઈને આજીવીકા તરીકે સ્વીકાર્યો એ નાયક કહેવાયા, બીજા ભાઈએ વ્યાસ તરીકે બ્રાહ્મણનું જે કર્મકાંડ શરૂ કર્યુ એટલે એ વ્યાસ કહેવાયા અને ત્રીજાએ ભોજક તરીકે જૈન તીર્થકરોની સેવા સ્વીકારી અને પૂજારી ભોજક કહેવાયા અને એ જ રીતે આ ત્રણ ઘર અલગ અલગ નાયક,ભોજક અને વ્યાસ તરીકે ઓળખાયા.

આ નાયક સમાજ જ્યાં પણ વસે છે ત્યાં આજે પણ ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરવાનું કામ કરી રહ્યો છે. આજે પણ ગામડે ગામડે શેરીએ શેરીએ ફરી ફરીને સંસ્કૃતિને જીવંત રાખે છે એ લોકકલા ભવાઈનું આજે પણ લોકો સન્માન કરે છે અને ગુજરાત રાજ્ય સરકાર પણ પ્રોત્સાહન પૂરું પાડે છે અને આજે પણ સાબરકાંઠા ના જાદર ગામ મુકામે નાયક સમાજ દ્વારા દર વર્ષે મે મહિનામાં મા આદ્યશક્તિ ની જાતર (ભવાઈ) રાખવામાં આવે છે. અમારા આ કાર્યક્રમમાં જાણીતા કલાકાર જયરામ ભગત ત્યારબાદ તેમના સાથી કલાકારો શિવમ પ્રજાપતિ (બાળ કલાકાર) ત્યારબાદ અનેક કલાકારોએ આ કાર્યક્રમમાં ભાગ ભજવેલ છે અને અમારા આ કાર્યક્રમને સફળતાના શિખરે પહોંચાડવા માટે મુખ્ય અતિથિ વિશેષ શ્રી અતુલભાઈ દીક્ષિત સ્કાઉટ ગાઈડ ચીફ કમિશનર,ભૂજ પધારેલ શ્રી નરેન્દ્ર સિંહ સોઢા ,ફિલ્મ ડિરેક્ટર શ્રી નિરંજન શર્મા (સંસ્કાર ભારતી ઉપાધ્યક્ષ સા.કા.) શ્રી પ્રકાશભાઈ વૈદ્ય (સંયોજક સંસ્કાર ભારતી સેલ સ.કા.) સાથે આમંત્રિત મહેમાનોએ જય કડીયા હિના સથવારા.પાલનપૂર (આર્ટિસ્ટ), શ્રી સુખદેવભાઈ નાયક મુંબઈથી પધારેલ હેમંતભાઈ દીક્ષિત, કુંદનભાઈ નાયક (જાદર) આ કાર્યક્રમને સફળ બનાવવામાં આશીર્વાદ આપી અને ખૂબ મોટું કામ કર્યું છે. કાકરોલ ગામમાં લક્ષ્મીનારાયણ વૃદ્ધાશ્રમ મુકામે આ કાર્યક્રમ ભજવવામાં આવ્યો છે ૨૭મી માર્ચ વિશ્વ રંગભૂમિ દિવસ નિમિત્તે અને આમંત્રિત મહેમાનોએ સર્વે આ કાર્યક્રમને નિહાળીને કાર્યક્રમની સરાહના કરી છે. પ્રિયધ્વનિ કલા ફાઉન્ડેશન ના પ્રમુખ શ્રી જીગ્નેશભાઈ નાયક સર્વે નો હૃદય પૂર્વક આભાર વ્યક્ત કરે છે અને સાથે સ્વ. શ્રી રુદ્ર ઋષિ નાયકને શ્રદ્ધા સુમન સાથે શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-
## આયોજક : પ્રદીપ રાવલ




**NOGSS NO :209**
વિષયઃ શબ્દોનો સળવળાટ
શિર્ષકઃ રાખવો સંયમ શબ્દપર
પ્રકાર : પદ્ય
શબ્દ સંખ્યા : ૯૫
લેખિકા : સુધા પુરોહિત

આવે મનમાં પછી જન્મે ધરીને અક્ષરદેહ
કરે સળવળાટ,બને તલપાપડ ધરવાદેહ
ધરે રૂપ નવાનવાં,થાય રોજરોજ નવસર્જન
વાણી બની ઊભરાતો શબ્દનો સળવળાટ

શબ્દોનાં સળવળાટથી સંબંધોનો બને સેતુ
વળી એ સળવળાટથી સંબંધોનો તૂટે સેતુ
તોલીતોલી વાપર ધરીને સંયમ રહે સંબંધ
વાણી થકી માણસ પરખાય,રાખવો સંયમ

એક શબ્દ કરે ઘાવ,બીજો શબ્દ બને મલમ
વાણી મીઠી રાખ,બને શીતલ,બનાવે શીતલ
આંધળાનાં પુત્ર આંધળા,રચાયું મહાભારત
વિચાર જરા શું લાવે પરિણામ,સળવળાટ

પાણી હોય કે વાણી સંયમથી કરવો વપરાશ
'સુધા'સમજાવે સાર જીવનનો,રોક સળવળાટ
કરવું સર્જન,રાખ સંયમ,થશે રચનાત્મક સર્જન
શબ્દોનાં સળવળાટથી,કેટલાય થયા બરબાદ
★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

: *NOG* *SS* *No.* *0185.*
★વિષયઃ-★ ★"શબદ (શબ્દોનો સળવળાટ)★
★શબ્દાર્થ"★
★શીર્ષકઃ-★ ★શબ્દ વેડફો તો★
★પ્રકારઃ-★ ★પદ્ય★ ★શબ્દ સંખ્યાઃ-★ ★૯૮★
★લેખકનું નામઃ-★ ★દિલીપ સી. સોની.★ ★ઝરૂખો★
★અમદાવાદ★

શબ્દ વેડફો તો, સંબંધ વેડફાય જીવનપંથે,
અહંમથી મનમાં, વિષના તોરણ જીવનપંથે,
-શબ્દ વેડફો તોપ.

મહાભારત સર્જાયું, દ્રૌપદીના જ કડવા વેણે
રામાયણ સર્જાયું, શ્રીરામના જ વચનના વેણે
-શબ્દ વેડફો તોપ.

સુવર્ણથી પણ ઉંચુ છે, મુલ્ય મીઠા વેણનું જગે,
સ્વર્ગ રચે છે સંસ્કારો, શબ્દ પ્રિતના વેણ જગે,
-શબ્દ વેડફો તોપ.

વૈવિધ્ય ભાષાનું, રહેણી-કરણી ભાતભાતની દેશે,
તોયે મારો ભારત દેશ, એક છે હૃદયોથી સંપે દેશે,
-શબ્દ વેડફો તોપ.

વેરઝેર- ઈર્ષા, મનથી કે શબ્દોથી કરાવે સ્વભેદ,
તિરાડ પડે અંતરે સદા, ખુશીનો કરે સ્વમાં છેદ,
-શબ્દ વેડફો તોપ.

શબ્દની અમૃત વર્ષા, અપાવે ખુશીની લીલાલહેર,
ગગને ઉડે ગુલાલ, તેજોમય જીવનની લીલાલહેર.
-શબ્દ વેડફો તોપ.
★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO. 193**
વિષય - શબ્દ
શિર્ષક - શબ્દો છે? તો...
પ્રકાર ?- પદ્ય..
શબ્દો - ૯૩
શબ્દો છે તો જગતની પહેચાન છે..
શબ્દો છે તો કુદરતની ?શાન છે..
શબ્દો છે તો ઈશ્વરની નિકટતા છે..
શબ્દો છે તો માણસની સફળતા છે..
શબ્દો છે તો પ્યારમાં કબુલાત છે..
શબ્દો છે તો નફરતમાં ધિક્કારતા છે..
શબ્દો છે તો 'ઘા' માં નમ્રતા છે..
શબ્દો છે તો સંગીત માં ગીત છે..
શબ્દો છે તો મહેફિલમાં જમાવટ છે..
શબ્દો છે તો વિચારોમાં વકતા છે..
શબ્દો છે તો કલમની આવશ્યકતા છે..
શબ્દો છે તો લખવાની કરામત છે..
શબ્દો છે તો સૌના દિલમાં સ્થાન છે..
શબ્દો છે તો 'છાયા'ની ઓળખ છે..
છાઅટ્ટજરટ્ટહ
★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO - 199**
વિષયઃ- શબદ ( શબ્દનો સળવળાટ) શબ્દાર્થ..શીર્ષકઃ- શબ્દ નિઃશબ્દ
પ્રકાર :- પદ્ય, શબ્દ :- ૬૫
નામ :- અમૃત શ્રીમાળી
શબ્દ જડ્યો હું મળ્યો નૈ નિઃશબ્દ બન્યો
અકળ કળાયેલ મોરલો લબ્ધ લૈ બન્યો

તડકે તતડતા તાપ માં શબ્દની છાંટ લઈ
પડછાયો પીઠ પાછળ અલબ્ધ એ બન્યો

આભ આંબ્યું અહીં ને શિવ ને શાંતિ લૈ
ક્ષીર સાગરમાં હું સાંઈ સ્તબ્ધ બન્યો

શુન્ય સગડોળે કાગડોળે કામના કૈંક લઈ
મોજાના મૈ માર મનથી ઉપલબ્ધ બન્યો

અમૃત મળ્યુ શબ્દ સાંભળ્યું કૈં આનંદ લૈ
રાધા શબ્દ સરકે શ્યામલ સલબ્ધ બન્યો
- અમૃત શ્રીમાળી ...મહેસાણા
★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO, 162**
વિષય- શબ્દ (શબ્દનો સળવળાટ) શબ્દાર્થ
શીર્ષક - શબ્દ, જીભનો શણગાર
પ્રકાર - પધ, શબ્દ ,૬૫
નામ- ??..રેખા નાકરાણી
નવી મુંબઈ.
"વાણી સે હી વિષ ઝરે
વાણી સે હી રસ ધાર
મીઠી વાણી બોલીયે
એ હી જીવન કા સારપ
"શબ્દે શબ્દે વટ પડે
શબ્દો થી મળે માન
જો હોય શબ્દ નુ
હૈયે પુરુ જ્ઞાનપ.
"શબ્દો થી વીંધાય
ને શબ્દજ બંને મલમ
શબ્દો જ સળગાવે
ને શબ્દો જ ઠારે પ.
" આવો શબ્દનો છે
પ્રભાવ શબ્દ વિચારી
ને બોલવા શબ્દ જ
જીભ નો શણગારપ
" બોલે તેના બોર વેચાય
ને ન બોલવામા નવ ગુણ
" લાંબો ડગલો મુછો
વાકડી શીરે પાઘડી રાતી
બોલ બોલતો તોળી તોળી
હુ છેલ છબીલો ગુજરાતી
હુ છેલ છબીલો ગુજરાતીપ.
★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO. 215**
વિષય : " શબદ (શબ્દોનો સળવળાટ) શબ્દાર્થ "
શીર્ષક : " શબ્દો સ્ફૂરે ને ફૂટે છે "
પ્રકાર : પદ્ય, શબ્દો : ૫૫.
નામ : શ્યામ ગોયાણી ( શિવેન્દ્રનગર )
" શબ્દો સ્ફૂરે ને ફૂટે છે "
શબ્દો રોજ રોજ સ્ફૂરે ને ફૂટે છે,
ક્યારેક શબ્દો જુટે ક્યાંક તૂટે છે.
ક્યારેક શ્વાસો શબ્દોથી મળતા,
ક્યારેક શબ્દોથી શ્વાસો છૂટે છે.

કોઈ શબ્દો કટુ કહીને દુઃખી કરે,
કોઈ મધ મીઠી, વાતોથી લૂંટે છે.

કોઈનાં મુખેથી વાણી વહેતી રહે,
કોઈને બે વેણ બોલવામાં ખૂટે છે.

કવેણના ઘાવ કદી રૂજાતા નથી,
કવેણથી 'શ્યામ' સંબંધો તૂટે છે.

" શ્યામ ગોયાણી "( શિવેન્દ્રનગર )
★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 210**
પ્રકારઃ- ,પદ્ય -શબ્દોઃ૬૦
વિષયઃ શબ્દ(શબ્દનો સળવળાટ) શબ્દાર્થ
શીર્ષકઃ શણગાર શબ્દોનો
નામઃ બ્રિજલ કે. દેસાઈ (સાલેજ,ગણદેવી
=========
શબ્દોના શણગારથી મારે કંડારવી છે કવિતા.
શબ્દો થકી જ મારે વહેવડાવવી છે પ્રેમની સરિતા.
શબ્દો રૂપી મયંકથી આપવી છે સહુને શીતળતા,
શિષ્ટતા લાવવા બનવું છે ક્યારેક શબ્દ રૂપી સવિતા.
શબ્દોના સદુપયોગથી જાળવવી છે અસ્મિતા.
શબ્દો થકી જ દર્શાવવી છે હૃદયના ભાવોની ઋજુતા.
શબ્દોના મેળામાં નિઃશબ્દ બની, માણવી છે જીવનની ભવ્યતા.
સારા શબ્દોથીજ સારી વાણી, અને વાણી થકી જ જીવનમાં ધન્યતા.
★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS No 149**
વિષય શબ્દ(શબ્દો નો સળવળાટ) શબ્દાર્થ
પ્રકાર : પદ્ય. શબ્દો :૭૫
શીર્ષક : શબ્દની બોલી
નામ : પલ્લવી જોષી. સરિતા
ગામ વડોદરા

મુખેથી ના કહી શકીએ
એ શબ્દમાં કહી શકીએ.

પ્રીતમાં ના કહીએ મુખેથી,
એ શબ્દમાં કહી શકીએ.

વાત જે ના આવે જીભે,
એ શબ્દમાં કહી શકીએ.

દિલની ધડકન ના ધડકે,
એ શબ્દમાં કહી શકીએ.

અંતરની વાતો ના બોલે,
એ શબ્દમાં કહી શકીએ.

રુદનની ભીનાશ ના મહેંકે,
એ શબ્દમાં કહી શકીએ.

પ્રણયની પ્રેરણા ના કહે,
એ શબ્દમાં કહી શકીએ.

# ગઝલ આસ્વાદ

પ્રેમમાં થોડા પુજારી જોઈએ?

પ્રેમ કરવા તો ખુમારી જોઈએ.

આપણી વચ્ચે ગળાડૂબ પ્રેમ છે,

તો અહમ બંને ઉતારી જોઈએ.

પ્રેમ કરવામાં રહી થોડી કચાશ?

જિંદગી પાછી મઠારી જોઈએ.

ભૂલ સાથે પ્રેમને અપનાવવા,
સાવ ખુલ્લી દિલની બારી જોઈએ.

વાત મારા દિલની કરવી છે પ્રશાંત,
જિંદગી સાથે ગુજારી જોઈએ.?

પ્રશાંત સોમાણી

મૂળ ભાવનગરનાં વતની અને સુરત નિવાસી કવિ શ્રી પ્રશાંત સોમાણી સોશિયલ મીડિયા પર ઘણા કાર્યરત છે તેમજ સંચાલક તરીકે પણ ઘણા સ્ટેજ પર જોવા મળે છે. ટી વી પર એમનો કાર્યક્રમ ચાલે છે. એ પોતે ટી વી શો સંચાલન કરે છે. સોશિયલ મીડિયા પર પણ એમના ઘણા કાર્યક્રમ આવે છે. ગુજરાતી ભાષાને જીવંત રાખવા સારી એવી સેવા કરે છે. એમનો એક ગઝલ સંગ્રહ "તારા હાથથી" ૨૦૧૩ પ્રકાશિત થયો હતો. એ બિઝનેસ મેન છે ઈમ્પોર્ટ અને એક્સપોર્ટનું કામ કરે છે. જેમાં આર્ટિફિશિયલ જૂલરી અને ડ્રેસીઝ હોય છે. આ ગઝલ મને ફેઈસબુક પરથી મળી છે.

પ્રેમમાં થોડા પૂજારી જોઈએ?
પ્રેમ કરવા તો ખુમારી જોઈએ.

પ્રેમ કરવા માટે પૂજારી થવાની જરૂર નથી. પ્રેમ કરવા માટે કોઈ ડિગ્રી કોઈ ગણિતની જરૂર પડતી નથી. હા, પણ પ્રેમ કરવા માટે ખુમારી અને હિંમત જોઈએ. ખૂબ જ સરળ ભાષામાં લખાયેલા આ મત્લા ના શેરમાં ખૂબ સરળ વાત કરવામાં આવી છે. કબીરનો પેલો દુહો પણ યાદ આવી જાય છે "પોથી પઢ પઢ જગ મૂઆ પંડિત ભયા ના કોઈ, ઢાઈ આખર પ્રેમકા પઢે સો પંડિત હોય" પ્રેમની ખુમારી એવી જ છે. એમાં ભક્તિની જરૂર નથી પડતી હિંમત અને ખુમારીની અને નિર્મલ હૃદયની જરૂર હોય છે.

આપણી વચ્ચે ગળાડૂબ પ્રેમ છે,
તો અહમ બંને ઉતારી જોઈએ.

વળી
ગળાડૂબ પ્રેમનો દાવો હોય તો અહમને ઉતારવો રહ્યો. પ્રેમમાં જો અહમ આવશે તો સંબંધ માં ગાંઠ પડશે. એક હૃદયમાં પ્રેમ અને અહમ સાથે ના રહી શકે. સરળ રીતે કહીએ તો " માન અપમાન તણું ભાન નિરંતર શાને? પ્રેમમાં એવો અહંકાર શાને? પ્રેમમાં માફ કરતા અને માફી આપતા શીખવું પડે છે. અહમને બાજુ પર રાખીને નિખાલસ મનથી મળવું પડે છે. જ્યારે અહમનું આવરણ ઉતરી જશે ત્યારે નિર્મળ પ્રેમનો આનંદ લઈ શકાશે. તો
જો ગળાડૂબ પ્રેમ હોય અહમ ઉતારીને પછી જીવી જોઈએ!

પ્રેમ કરવામાં રહી થોડી કચાશ?
જિંદગી પાછી મઠારી જોઈએ.

જો લાગે કે પ્રેમમાં કચાશ રહી ગઈ છે તો જિંદગીને ફરીથી મઠારી જોઈએ. ચાલો ફરીથી એ મોડ પરથી જિંદગી શરુ કરીએ જ્યા આપણે પહેલા મળ્યા હતા. ત્યારે તો આવી. કચાશ ના હતી." ઉસ મોડસે શરુ કરે ફિર યહ જિંદગી , હર શેહ જહાં હસીન થી હમ તુમ થે અજનબી ." જેમ જેમ ઉંમર વધતી જાય એમ પ્રેમમાં પરિપક્વતા આવતી જાય. જ્યારે કલ્પનાની દુનિયામાંથી એક નક્કર જમીન પર આવી જઈએ, એ સમયે હૃદયને ફરી એકવાર એજ સપનાની, એજ મીઠાશની જરૂર પડે છે.

ભૂલ સાથે પ્રેમને અપનાવવા,
સાવ ખુલ્લી દિલની બારી જોઈએ.

આપણે બધા સાવ સામાન્ય માનવી છીએ. અને માણસ માત્ર ભૂલને પાત્ર. એ કહેવત બુઝર્ગોએ અમસ્તી નથી આપી. પ્રેમ હોય ત્યાં માફી પહેલા હોય છે. પ્રેમમાં સજાને સ્થાન નથી. સજા પ્રેમમાં બાદબાકીનુ કામ કરે છે. કોઈપણ વ્યકિતને નાની નાની વાતોમાં એટલી સજા ના આપો કે તમારા પ્રત્યેનો પ્રેમ ઓસરી જાય. જ્યાં સુધી લગ્ન નથી કર્યા હોતા ત્યાં સુધી બધા ગુના માફ પણ જેવા લગ્ન થાય એટલે એકપણ ભૂલને વિસારી ના શકાય! આતો કેવો ન્યાય? સાવ ખુલ્લી દિલની બારી જોઈએ. હૃદયને હળવુંફૂલ રાખવું જોઈએ! માણસ છે તેથી ભૂલ તો થશે જ પણ ભૂલ સાથે પ્રેમને અપનાવવા દિલની બારીને ખુલ્લી રાખો.

વાત મારા દિલની કરવી છે પ્રશાંત,
જિંદગી સાથે ગુજારી જોઈએ.?

અંતમાં કવિ એક સવાલ કરે છે કે મારે દિલની વાતો કરવી છે, ચાલ જિંદગી સાથે ગુજારી જોઈએ? કવિ પ્રિયતમા સાથે આખી જિંદગી ગુજારી પ્રેમની વાતો કરવા માંગે છે. પ્રેમની અને દિલની વાતો કરતા કરતા જિંદગી ગુજરે તો એ જિંદગી કેટલી હસીન અને મધુર હશે? જો દિલની વાત કરવા આખી જિદંગીની જોઈએ તો એ પ્રેમ કેટલો ઉચ્ચ કોટિનો હશે! આમ જ હસતાં ખેલતાં તમારી જિંદગી ગુજરે
એવા આ કવિ દંપતીને દિલથી આશીર્વાદ!

સપના વિજાપુરા

# બહુમતના મધમા રાખતા ભાજપમાં ચૂંટણી ટાણે ભૂકંપ

લોકસભાનો ચૂંટણી ઢંઢેરો બહાર પડી ચૂક્યો છે અને ભારત સરકાર દ્વારા ગુજરાતની ચૂંટણીઓ જાહેર કરવામાં આવી છે. પ્રદેશ ભાજપના મોવડી મંડળ દ્વારા ૨૬ ઉમેદવારો જાહેર કરવામાં આવ્યા. પ્રભારીઓ ઓબ્ઝર્વર કે નિરીક્ષક જાણે પપેટ હોય અને જિલ્લાનો પ્રવાસ કરવા ખાતર કરીને કાર્યકરોને જાણે ખુશ રાખીને ડેલીએ હાથ દઈને કમલમ પાછા ફર્યા હોય તેવો તાલ જોવા મળે છે. ભારતીય જનતા પાર્ટીએ માત્રને માત્ર ચૂંટણી જીતવા, બહુમત મેળવવા કોંગ્રેસના નેતાઓ અને ધારાસભ્યોને વિધાનસભાની ટિકિટ આપવાની શરતે ભાજપમાં પ્રવેશ કરાવ્યો હોય તેમ હાલમાં પેટા ચૂંટણીઓની ચૂંટણીમાં બધા જ કોંગ્રેસના ભાજપમાં પ્રવેશ કરેલા મે ટિકિટ ફાળવીને ભાજપના મૂળભૂત કાર્યકરોને આંચકો આપ્યો છે અને લગભગ બધી જ જગ્યાએ રાજકીય ભૂકંપ સર્જાયો છે

એવી રીતે લોકસભાના પણ ઉમેદવારો બિલકુલ નવા અને કોંગ્રેસ ગોત્રના હોય અને જાણી જોઈને જાણે ભાજપના સિનિયરોને હાટકો આપવા માટે ઉમેદવાર નક્કી કર્યા હોય તેવા ઉમેદવારો જાહેર કરીને પણ બહુ જ મોટો રાજકીય ભૂકંપ સર્જ્યો છે એટલે હવે ભાજપ ૨૬ સીટના જે સપના જોતો હતો અને પાંચ લાખની લીડ લેવાની જે મનઘડત અહમમાં જે વાતો કરતા હતા તે હવે પાયા વિહાણી વાતો થઈ ગઈ છે. સુરેન્દ્રનગરમાં તળપદા કોળી સમાજ એ ચેલેન્જ આપીને કીધું છે કે ભાજપનો ઉમેદવારને અમે ઘેર લાવીશું નહીં તો ઉમેદવાર બદલો. સાબરકાંઠામાં પણ કોંગ્રેસના મહેન્દ્ર બારીયા ને ભાજપમાં પ્રવેશ આપીને તેની પત્નીને ટિકિટ જાણે આપવાનું કમિટમેન્ટ કર્યું હોય તેમ લોકસભાની ટિકિટ ફાળવી છે જેની સામે પણ ભરેલા અગ્નિ જેવી પરિસ્થિતિ ત્યાંના સ્થાનિક ભાજપના કાર્યકરોમાં છે. વડોદરામાં ત્રીજીવાર રંજન ભટ્ટને રીપીટ કરતા ૩૦ થી ૪૦ વર્ષ જૂના સિનિયર કાર્યકરોને ખૂબ જ મોટો આંચકો ઉચ્ચ નેતાગીરી આપવા ગઈ અને રાતો રાત રંજન બેને ચૂંટણી નથી લડવી તેવું ઘણું સારું કર્યું અને ત્યાં પણ એકદમ હાચકા જનક નવીન જ ઉમેદવાર આપીને હજુ પણ અસંતોષ વડોદરામાં જોવા મળી રહ્યો છે જેથી ત્યાં પણ ઉમેદવાર બદલવાની માગણી થઈ રહી છે. જૂનાગઢમાં વર્ષોથી જુના લોકોને પડતા મૂકીને વિવાદશ પદ અને હત્યાના ગુના ની અંદર જેની તપાસ ચાલી રહી હોય એવા વિવાદ વ્યક્તિને લોકસભાની ફરીથી સીટ ફાળવી છે. અમરેલીમાં પણ ભાજપના મોટા સિનિયર માથાઓ હોવા છતાં પણ ઉચ્ચ નેતાગીરીએ મનમાની કરીને સ્ટેમ્પ જેવા લોકોને ટિકિટ ફાળવી સ્થાનિક કાર્યકરોમાં અસંતોષ ફેલાવ્યો. મહેસાણા રાજકીય હબ કહેવામાં આવે એમ પાટીદારોમાં અંદરો અંદર કલેશ કરવાના આશયથી જાણે હરિભાઈ પટેલને ટિકિટ ફાળવી હોય તે રીતે ફાળવીને મહેસાણામાં આંતરિક રાજકીય બળવો અંદરખાને જોવા મળે છે. બનાસકાંઠામાં પણ આંતરિક ક્લેસ છે અને ધાર્યા પરિણામ ભાજપ લાવે તેવું દૂર સુધી દેખાતું નથી.

# સિદ્ધપુરના ધોળીપોળ ના મહાઢ માં સર્વ પિતૃઓ ના મોક્ષાર્થે શ્રીમદ્ ભાગવત જ્ઞાન પારાયણ સપ્તાહનું આયોજન કરાયું



ધાર્મિક નગરી સિધ્ધપુરમાં સર્વ પિતૃઓના મોક્ષાર્થે તેમજ વિશ્વ કલ્યાણ અર્થે ધોળીપોળ ના મહાઢ માં શ્રીભૂલેશ્વર મહાદેવ બાપા ના સાનિધ્યમાં શ્રી ભુલેશ્વર ભક્ત મંડળ દ્વારા શ્રીમદ ભાગવત જ્ઞાન પારાયણ સપ્તાહનું ખુબજ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ ભાગવત પારાયણનાકથા વક્તા શાસ્ત્રી શ્રી રૂતુલભાઈ અશ્વિનભાઈ રાવલ(ગુરૂ) વ્યાસપીઠે બિરાજી કથાનું રસપાન કરાવતા સૌ ભક્તજનો ભાવવિભોર બન્યા હતા સર્વ પિતૃઓના મોક્ષાર્થે યોજાયેલ શ્રીમદ ભાગવત જ્ઞાન સપ્તાહ ફાગણ સુદ ૬ ને શુક્રવાર તા.૧૫/૦૩/૨૦૨૪ થી ફાગણ સુદ ૧૨ ને ગુરુવાર તા.૨૧/૦૩/૨૦૨૪ રાત્રે ૮ થી ૧૧ કલાક સુધી યોજાઈ હતી. આ પારાયણ માં પ્રથમ દિવસે પોથી યાત્રા, શ્રીવ્યાસ મુનિ નું પ્રાગટ્ય, બીજા દીવસે શ્રીસુખદેવજીનું પ્રાગટય, શ્રી કપિલ અવતાર, ત્રીજા દિવસે શ્રી વામન અવતાર,ચોથા દિવસે શ્રી રામ અવતાર, શ્રીકૃષ્ણ જન્મોત્સવ, પાંચમા દિવસે શ્રીગોવર્ધન પૂજા તેમજ રાસલીલા, છઠ્ઠા દીવસે શ્રી રૂક્ષમણી વિવાહ,ભગવાનનું મોમેરું, ભગવાનની જાન તેમજ સાતમા દિવસે શ્રી સુદામા ચરિત્ર તેમજ શ્રીપરીક્ષિત રાજા ના મોક્ષની કથાનું સુંદર વર્ણન સાથે શ્રીમદ ભાગવત પારાયણ ને વિરામ અપાઈ હતી. આ સાત દિવસીય ભાગવત કથા માં મહોલ્લા ના નાના બાળકો તેમજ યુવા મિત્રો દ્વારા આબેહૂબ વેશભૂષા ધારણ કરી વિવિધ પાત્રો ભજવ્યા હતા. ભાગવત કથાના વિરામ દિવસે નગરમાં સોભાયત્રા નીકાળવામાં આવી હતી સાથે સર્વે ભક્તજનો નું સમૂહ ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું, આ ભાગવત પારાયણમાં વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહી ભાવિક ભક્તજનો કથાજ્ઞાનનું રસપાન કરી ધન્યતાની અનુભૂતિ કરી હતી, તેમજ બીજા દિવસે શ્રી ભુલેશ્વર મહાદેવ બાપાના સાનિધ્ય માં હોમાત્મક લઘુરુદ્ર યાગ તેમજ શ્રી સત્ય નારાયણ ભગવાન ની કથા નું આયોજન કરાયું હતું. આ સમગ્ર કાર્યક્રમ દરમિયાન દરરોજ દશેય દિવસ પાનવાળી ખડકી થી લઈ ધોળીપોળ તેમજ ડેરિયાવાડા ના તમામ રહીશો નું સમૂહ ભોજન પ્રસાદ નું આયોજન કરાયું હતું તેમજ સમગ્ર વિસ્તાર ને રંગ બે રંગી રોશની થી શણગારવામા આવ્યો હતો.સાથે આ ધાર્મિક આયોજન ને અનુલક્ષી ને મંડળના સભ્યો દ્વારા ગાય માતા ને ઘાસ ચારો ખવડાવી પુણ્યની પ્રાપ્તિ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે આ ધાર્મિક કાર્યક્રમ ને લઈ સિદ્ધપુર સહિત દેશ વિદેશમાં વસતા મોહલ્લામાં વાસીઓ એ હર્ષોલ્લાસ થી ભગલાઈ ધન્યતાની અનુભૂતિ કરી હતી.

**નિખિલ જોષી : પાટણ જીલ્લા બ્યુરોચીફ**

# વઘઈ CHC ખાતે નેશનલ ઓરલ હેલ્થ અંગેનો કેમ્પ યોજવામાં આવ્યો



વઘઈ CHC ખાતે નેશનલ ઓરલ હેલ્થ અંગેનો કેમ્પ દંત સર્જન ડૉ વિરલ પટેલ CHC અધિક્ષક શ્રી ડૉ અંકિત રાઠોડ ની આગેવાની હેઠળ આ નેશનલ પ્રોગ્રામની ઉજવણી કરવામાં આવી જેનો લાભ આજુબાજુના ગામડાંઓ માથી લોકો દ્વારા લેવામાં આવ્યો.

આ નેશનલ પ્રોગ્રામની શરૂઆત ૨૦મી માર્ચથી લઈ એક અઠવાડિયા દરમિયાન "A HAPPY MOUTH IS ...A HAPPY BODY " થીમ આધારિત કરવામાં આવ્યો રાજયવ્યાપી તેની ઉજવણી કરવામાં આવી જે અંતર્ગત સામુહિક આરોગ્ય કેન્દ્ર વઘઈ દ્વારા વઘઈ ભરવાડ ફળિયાની આંગણવાડી કેન્દ્ર પર રાખવામાં આવ્યો હતો જેમા સગર્ભા બહેનો , માતાઓ , બાળકોની તપાસ કરવામાં આવી હતી. જેમાં બધાને દાતના રોગો વિશે સમજાવવામાં આવ્યું અત્યારના સમયમાં લોક જાગૃતિ ફેલાવવામાં ઘણી જ ઉપયોગી એવા સૂચનો ડૉ વિરલ પટેલ અને બીજા અધિકારીઓ દ્વારા સલાહ સૂચનો કરવામાં આવ્યા જે લોક ઉપયોગી થાય અને જીવનમા ઉતારવા જેવા સૂચનો સાંભળીને લોકોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો. બાળકો ને ટુથપેસ્ટ તથા ટુથબ્રશનું વિતરણ કરવામાં આવ્યુ. ઓરલ હેલ્થની અવેરનેશ માટે આમ જનતામાં પેમ્પલેટ નું વિતરણ કરવામાં આવ્યુ.

# સીવીલ હોસ્પિટલનાં જરૂરીયાતમંદ દર્દીઓ તેમજ થેલેસેમીયા પીડીત બાળકોનાં લાભાર્થે રકતદાન કેમ્પ કરવા અપીલ



પ્રવર્તમાન ઉનાળાની ગરમીની સીઝનમાં રકતની જરૂરીયાત ઉભી થઇ છે. સીવીલ હોસ્પિટલનાં જરૂરીયાતમંદ દર્દીઓ તેમજ થેલેસેમીયા પીડીત બાળકો માટે નિઃશુલ્ક લોહી મળી રહે તે માટે સૌ પ્રયત્નશીલ બને તેવી વિનંતી છે. રકતદાન કરી અમુલ્ય માનવ જીંદગીઓને તેમજ થેલેસેમીયા પીડીત બાળકોના જીવનને બચાવવા નિમિત બનવા માટે અપીલ કરવામાં આવી છે. રાજકોટની સિવિલ હોસ્પિટલ, બાળકોની હોસ્પિટલ ખાતે સમગ્ર સૌરાષ્ટ્રનાં દર્દીઓ, થેલેસેમીયા પિડીત બાળકો નિઃશુલ્ક સારવાર માટે આવે છે. હાલમાં સિવિલ હોસ્પિટલમાં તમામ પ્રકારનાં બ્લડ ગ્રુપની તાતી જરૂરીયાત છે. તા. ૩૦, માર્ચ, શનીવારે સિવીલ હોસ્પીટલના જરૂરીયાતમંદ દર્દીઓ તેમજ થેલેસેમીયા પીડીત બાળકોનાં લાભાર્થે, રિધ્ધી ફેબ્રીકસ, ઢેબર રોડ વનવે, હોટલ ભાભા પાસે, આલ્ફ્રેડ હાઈસ્કૂલની પાસે, રાજકોટ ખાતે સાંજે ૦૮–૦૦ થી રાત્રીના ૧૧–૦૦ વાગ્યા સુધી રકતદાન કરી માનવ જીંદગીઓ બચાવવા વિનંતી કરવામાં આવી છે. સંસ્થાઓ, સોસાયટીઓ, સેવાભાવીઓ તાત્કાલીક રકતદાન કેમ્પનું પણ આયોજન કરે તો સીવીલ હોસ્પીટલ બ્લડ બેન્ક આપનાં સ્થળેથી રકતદાન સ્વીકારવા આવશે, નાના કેમ્પ હશે તો પણ થઈ શકશે. અત્યારની પરિસ્થિતિમાં રકતદાન કેમ્પોની સંખ્યા નહીવત થઈ ગઈ છે. જે રકતદાન કેમ્પો થાય છે ત્યાં પણ રકતદાતાઓ ખૂબ ઓછી સંખ્યામાં આવે છે. વરસાદની સીઝનમાં રકતદાન કેમ્પો સાવ ન્યુનતમ થવાના છે. આ તકલીફનાં આંશીક નિવારણ માટે અને થેલેસેમીયા પીડીત બાળકોનાં જીવન બચાવવા આ રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

## લોકસભા સામાન્ય ચૂંટણી – ૨૦૨૪ : અચૂક મતદાન કરો

# ગાંધીનગર જિલ્લાના દહેગામ મતદાર વિસ્તારમાં ફરજ અદા કરનાર પ્રિસાઈડીંગ ઓફિસર અને આસિ. પ્રિસાઈડીંગ ઓફિસરનો તાલીમ વર્ગ યોજાયો

ગાંધીનગરઃ ગુરૂવારઃ

લોકસભા સામાન્ય ચૂંટણી દરમિયાન ગાંધીનગર જિલ્લાના દહેગામ મત વિસ્તારમાં પ્રિસાઇડીંગ ઓફિસર અને આસિ. પ્રિસાઇડીંગ ઓફિસરની ફરજ અદા કરનાર કર્મયોગીઓનો તાલીમ કાર્યક્રમ એમ.બી.પટેલ કોર્મસ એન્ડ જી.એમ.એન.આટર્સ કોલેજ, દહેગામ ખાતે યોજાયો હતો. આ તાલીમમાં પ્રિસાઇડીગ ઓફિસરની ફરજોની વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. તેમજ ઇ.વી.એમ મશીનનું ડેમોસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું.



આ તાલીમ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર શ્રી મેહુલ દવે અને અમદાવાદ પૂર્વ લોકસભા મતદાર વિભાગના ચૂંટણી અધિકારી અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખેર પણ ઉપસ્થિત રહ્યા હતા. તાલીમ કાર્યક્રમમાં ઉપસ્થિત ૩૧૩ પ્રિસાઈડીંગ ઓફિસર અને ૩૭૮ આસિ. પ્રિસાઈડીંગ ઓફિસરોને તેમની ચૂંટણીલક્ષી કામગીરી વિશે વિસ્તૃત માહિતી આપી હતી. તેમજ મતદાન દરમિયાન તેમની ભૂમિકા કેટલી મહત્વની છે. તેની પણ રસપ્રદ વાત કરી હતી.

આ તાલીમ દરમિયાન મતદાન મથક માટેની ટીમની રચના, ઈવીએમ તથા ચૂંટણીમાં જરૂરી પત્રકો અને કવરોની માહિતી, મતદાન મથકની ગોઠવણી, મતદાન દિવસે થતું મોકપોલ સીયુ-વીવીપેટ સીલ કરવા, મતદાન સમયે દિવસ દરમિયાન આવતી સમસ્યાઓનું નિરાકરણ તથા મતદાન પુરું થયા બાદ તમામ સમાગ્રી પરત કરવા સુધીનું સંપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ તાલીમ દરમ્યાન પ્રિસાઈડીંગ ઓફિસર સમક્ષ ઈ.વી.એમ. મશીનનું નિદર્શન કરવામાં આવ્યું હતું. તેમજ તમામ પ્રિસાઈડીગ ઓફિસરશ્રીઓને તેમની ફરજ દરમિયાન કઈ કઈ બાબતોનું ખાસ ધ્યાન રાખવાનું રહેશે, તેનાથી વાકેફ કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મ.શી. મ્યુનિસિપલ બોઈઝ હાઈસ્કુલના શ્રી શૈલેષભાઈ પટેલ વર્ધમાન હાઈસ્કુલના આચાર્ય શ્રી નટુભાઈ ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું.

આ તાલીમ કાર્યક્રમમાં નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી પાર્થ કોટડિયા, ૩૪ દહેગામના મદદનીશ ચૂંટણી અધિકારી અને જિલ્લા પુરવઠા અધિકારી શ્રી શ્વેતાબેન પંડયા, દહેગામ મામલતદાર શ્રી રોનક કપૂર સહિત મતદાર વિભાગના પ્રિસાઈડીંગ ઓફિસર ઉપસ્થિત રહ્યા હતા.

# અમદાવાદ દિનેશ હોલ ખાતે કર્ણાવતી મહાનગર મહિલા મોરચા દ્વારા સ્માર્ટ સિટી મહિલા કોન્કલેવ કાર્યક્રમ પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીની વિશેષ ઉપસ્થિતિમા યોજાયો

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમા જણાવે છે કે,આજ રોજ અમદાવાદ દિનેશ હોલ ખાતે કર્ણાવતી મહાનગર મહિલા મોરચા દ્વારા સ્માર્ટ સિટી મહિલા કોન્કલેવ કાર્યક્રમ પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીની વિશેષ ઉપસ્થિતિમા યોજાયો. આ કાર્યક્રમમા કર્ણાવતી મહાનગરના પ્રમુખશ્રી ડો.સ્મિતાબેન જોષીએ સ્વાગત પ્રવચન કર્યુ. પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીએ મહિલા કાર્યકર્તાઓને પ્રેરણાદાયી સંબોધન કરતા જણાવ્યું કે, દેશમા બહેનોના ઉત્કર્ષની વાત આવે ત્યારે સૌથી વધુ યોગદાન આપનારમા આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનુ નામ આવશે. આજે મહિલાઓ સુરક્ષાનો અનુભવ કરે છે,મહિલાઓને તેમના અધિકાર મળે છે, આર્થિક રીતે સદ્ધર થાય તે દિશામા પ્રયાસ કરવામા આવ્યા છે. આજે દેશની સુરક્ષા જડબે સલાક થઇ છે અને દેશની સુરક્ષામા આજે મહિલાઓ જવાબદારી સંભાળી રહી છે. દેશની મહિલાઓની શક્તિને ઓળખવાનુ કામ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કર્યુ છે. ગામડામા મહિલાઓ ચૂલાથી રસોઇ કરતા જેના કારણે તેમને ઘણી બિમારીઓ થતી પરંતુ મોદી સાહેબે મહિલાઓને ફ્રી મા ગેસ કનેકશન આપ્યુ. મોદી સાહેબે દેશમા દિકરીઓને ભણતર સાથે સલામતી માટે પણ પ્રયાસ કર્યા છે આજે દેશમા દિકરીઓના જન્મદર વધે તે દિશામા સફળ પ્રયાસ થઇ રહ્યા છે.

શ્રી પાટીલજીએ વધુમા જણાવ્યું કે મોદી સાહેબે મહિલાઓને ઘરની માલીકી મળે તે માટે દસ્તાવેજમા રજીસ્ટ્રેશન ચાર્જ ઘટાડી દીધો જેના કારણે આજે ઘણા મકાનની માલીકી મહિલાઓની છે. સરકારે મહિલાઓને જાહેર કરેલ યોજના વધુમા વધુ મહિલાઓને યોજનાનો લાભ મળે તેવા પ્રયાસ મહિલા કાર્યકર્તાઓ કરે. આજે બહેનોને ઘરે ઘરે નળથી જળ મળે છે આજે અંદાજે ૯૬ ટકા ઘરોમા નળથી જળ મળે છે. મોદી સાહેબના કાર્યો ઘરે ઘરે પહોચવા જોઇએ. ડેટાના આધારે ચૂંટણી લડવામા આવે તો ઓછી તાકાતથી વધુ કામ કરી શકાય જેથી ભાજપના ગુજરાતના દરેક કાર્યકર્તાઓ તેનો ઉપયોગ કરે તેવી વિનંતી. લોકસભાની દરેક બેઠક પાંચ લાખથી વધુની લીડ સાથે જીતવાનો સંકલ્પ કર્યો છે તેને સફળ બનાવવા કાર્યકર્તાઓ પ્રયાસ કરે. ચૂંટણીમા ટેક્નોલોજી અને યોજનાઓના જે કારણ છે તે સાથે મતદારો વચ્ચે જવુ જોઇએ.



આ કાર્યક્રમમા શ્રી ગોરઘનભાઇ ઝડફીયાજીએ જણાવ્યું કે, સરકારની યોજનાઓને લાભાર્થી સુધી પહોંચાડવા તેમજ સેલ્ફી વિથ લાભાર્થીમા મહિલા મોરચાએ ખૂબ જ સરસ કામ કર્યુ છે તે બદલ મહિલા કાર્યકર્તાઓને ખૂબ ખૂબ અભિનંદન. આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે બહેનોને ગુજરાતમા જાહેરજીવનમા ૫૦ ટકાની ભાગીદારી આપવાનો નિર્ણય કર્યો જેમા ગુજરાત રાજય પ્રથમ હતુ અને લોકસભા અને રાજયસભામા પણ મહિલાઓને ૩૩ ટકા અનામતનો કાયદો વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ લાવ્યા છે. જયારે ભારતનો ઇતિહાસ લખાશે ત્યારે ભારતનો સુવર્ણ યુગ ચાલી રહ્યો છે તેમ લખાશે. અમુક રાજયમા મહિલાઓનુ મતદાન ૫૦ ટકા ને પાર થાય છે તે દર્શાવે છે કે મહિલાઓની રાજકીય ક્ષેત્રે જાગૃતિ વધી છે.

શ્રી ગોરઘનભાઇએ વધુમા જણાવ્યું કે, આજે છેલ્લા દસ વર્ષમા દિકરીઓનો જન્મદર વધી રહ્યો છે. આજે સરકાર દિકરીઓને ભણતરની જવાબદારી લઇ રહી છે મહિલા સશક્તિકરણનુ કામ કરી રહી છે. સરકાર મહિલાઓને આર્થિક રીતે સદ્ધર થાય તે દિશામા કામ કરી રહી છે. આંતકવાદથી પીડાતા ભારતને આંતકવાદથી મુક્ત કરવા માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે પ્રયાસ કર્યા છે. આઝાદ ભારતમા આંતકવાદના કારણે ૪૨ હજાર લોકોનુ લોહી રહેડાયુ હતું. મોદી સાહેબે કાશ્મિરમા કલમ ૩૭૦ રદ કરાવી. મોદી સાહેબે દેશને નવી દિશા આપી છે આવનાર સમયમા ભારતની તાકાત કેવી હશે તે દુનિયાને બતાવવાનો પ્રયાસ ચાલી રહ્યો છે એટલા ચૂંટણી ભાજપ નથી લડતુ પણ ભારત લડે છે. આજે મહિલાઓની સુરક્ષા વધી છે અને એટલે રેપકરનાર આરોપીઓને ફાસીની સજાની જોગવાઇ કરનાર ભાજપ સરકાર છે.

> દેશમા બહેનોના ઉત્કર્ષની વાત આવે ત્યારે સૌથી વધુ યોગદાન આપનારમા આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનુ નામ આવશે.
> – શ્રી સી.આર.પાટીલ
>
> ----
>
> ડેટાના આધારે ચૂંટણી લડવામા આવે તો ઓછી તાકાતથી વધુ કામ કરી શકાય જેથી ભાજપના ગુજરાતના દરેક કાર્યકર્તાઓ તેનો ઉપયોગ કરે તેવી વિનંતી.
> – શ્રી સી.આર.પાટીલ
>
> ----
>
> આંતકવાદથી પીડાતા ભારતને આંતકવાદથી મુક્ત કરવા માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે પ્રયાસ કર્યા છે. – શ્રી ગોરધનભાઇ ઝડફીયા
>
> ----
>
> આજે મહિલાઓની સુરક્ષા વધી છે અને એટલે રેપકરનાર આરોપીઓને ફાસીની સજાની જોગવાઇ ભાજપ સરકારે કરી છે. - શ્રી ગોરધનભાઇ ઝડફીયા
>
> ----
>
> આજે કેન્દ્રમા આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને દેશના ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહની જોડી કેન્દ્રમા કુષ્ણ ભગવાન અને બલરામ ભગવાનની જેમ દેશ માટે કામ કરી રહ્યા છે.- ડો.દિપિકાબેન સરડવા

મહિલા મોરચાના પ્રદેશ પ્રમુખશ્રી ડો.દિપિકાબેન સરડવાજીએ જણાવ્યું કે, આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના માર્ગદર્શનમા દેશની બહેનો સુરક્ષીત અને સશક્ત બને તે દિશામા કામ કર્યા છે અનેક યોજનાઓ જાહેર કરી છે. આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે લાલ કિલ્લા પરથી બહેનોને શૌચાલય આપવાની જાહેરાત કરી હતી અને આજે મહિલાઓને ઘરે ઘરે શૌચાલયની વ્યવસ્થા છે. ત્રીપલ તલાક નો કાયદો દુર કરી મુસ્લીમ બહેનોની પણ રક્ષા કરી તેમજ લવજેહાદનો કાયદા લાવવામા આવ્યો. ગંગાસ્વરૂપા યોજના થકી વિધવા સહાય સુધીની યોજના જાહેર કરવામા આવી છે. આજે કેન્દ્રમા આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને દેશના ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહની જોડી કેન્દ્રમા કુષ્ણ ભગવાન અને બલરામ ભગવાનની જેમ દેશ માટે કામ કરી રહ્યા છે. પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીના નેતૃત્વમા ગુજરાતનુ સંગઠન ઉર્જાવાન અને વેગવંતુ બની રહ્યુ છે. શ્રી ડો.દિપીકાબેન સરડવાજીએ વધુમા જણાવ્યું કે, સુકન્યા સમૃદ્ધી યોજના થકી દેશની દિકરીઓને ઘણો લાભ મળ્યો છે. સર્ગભા બહેનો માટે માતૃશક્તિ યોજના,પ્રધાનમંત્રી જનધન યોજના, આયુષ્યમાન કાર્ડની યોજના,નળ થી જળ,ગેસના કનેકશન આપવાની યોજાના સહિતની ઘણી યોજના મહિલાઓ માટેસરકારે જાહેર કરી તેનો શ્રેય મોદી સાહેબને જાય છે. દેશમા મહિલાઓને સન્માન આપવાનુ કાર્ય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબે કર્યુ છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે અયોધ્યામા રામમંદિરનુ નિર્માણ કર્યુતેમને આપેલા વચનો પુર્ણ કર્યા છે. આગામી લોકસભા ચૂંટણીમા દરેક બેઠક પર ઉમેદવારશ્રીઓને પાંચ લાખથી વધુની લીડ સાથે જીતે તે માટે મહિલા કાર્યકર્તાઓ પ્રયાસ કરશે.

આ કાર્યક્રમમા પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી ગોરઘનભાઇ ઝડફીયા,મહિલા મોરચાના પ્રદેશ પ્રમુખશ્રી ડો.દિપિકાબેન સરડવા,અમદાવાદ શહેરના પ્રમુખશ્રી અમિતભાઇ શાહ,પ્રદેશના સહ કોષાધ્યક્ષ તેમજ અમદાવાદ શહેરના પ્રભારીશ્રી ધર્મેન્દ્રભાઇ શાહ, અમદાવાદ પુર્વના લોકસભાના ઉમેદવાર અનેસાંસદશ્રી હસમુખભાઇ પટેલ, અમદાવાદ શહેરના પ્રભારીશ્રી સંજયભાઇ પટેલ,કલસ્ટર ઇન્ચાર્જશ્રી કે.સી.પટેલ,પશ્ચિમ લોકસભાના ઇન્ચાર્જશ્રી અર્જૂનસિંહ ચૌહાણ, પુર્વ સાંસદશ્રી અને પુર્વ મેયરશ્રી ભાવનાબેન દવે, મેયરશ્રી પ્રતિભાબેન જૈન, અમદાવાદના રાજુભાઇ

પટેલ,અમદાવાદ મહિલા મોરચાના પ્રમુખશ્રી ડો.સ્મિતાબેન જોષી,અમદાવાદ શહેરના ઉપાધ્યક્ષ અને અમદાવાદના પ્રભારીશ્રી કામિનિબેન સોની, નરોડાના ધારાસભ્યશ્રી ડો.પાયલબેન કુકરાણી,ઠક્કરબાપા વિસ્તારના ધારાસભ્યશ્રી કંચનબેન રાદડીયા,દંડકશ્રી શીતલબેન ડાધા, અમદાવાદ શહેરમા મહામંત્રીશ્રીઓ સહિત મહિલા મોરચાના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.